NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. સી.કે.ટિંબડીયા
વિસ્તરણ શિક્ષણ નિયામક

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭-૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭-૨૮૨૭૦૬
E-mail : dee@nau.in, Website : www.nau.in

Azadi Ka Amrit Mahotsav

જા.નં.નકૃયુ/વિશિનિ/અ-૨/ ૮૭૬ /૨૦૨૨ નવસારી તા.૩૦/૦૩/૨૦૨૨

## : પરિપત્ર :

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના તાબા હેઠળના એજયુકેશનલ મ્યુઝિયમ ખાતે **રોજમદાર (સફાઈ કામદાર)** તરીકે ફરજ બજાવતાં જ્યોતિબેન દિનેશભાઇ નાયકાને તા. ૨૯/૦૩/૨૦૨૨ ના રોજ ફરજ પર હતા ત્યારે અચાનક ચક્કર આવ્યા, ત્યારબાદ તેમને લાયન્સ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલા, અને ચેકઅપ દરમ્યાન તેમને બ્રેઈન હેમરેજ થતાં ઓપરેશન કરેલ છે. આ ઓપરેશનનો ખર્ચ ઘણો મોટો થયેલ છે, અને બેન રોજમદાર તરીકે ફરજ બજાવે છે, તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે, તેમજ તેઓ પોતે વિધવા છે, ઉપરાંત તેમને ત્રણ સંતાનો પૈકી એક સંતાનના લગ્ન થઈ ગયા છે, બાકીના બે સંતાનો ઉંમરમાં નાના હોય, તેમના ભરણપોષણ ની જવાબદારી આ બહેનના શિરે છે, તેમને બીજો કોઈ સહારો કે આશરો નથી તેમજ હાલમાં તેઓ આર્થિક રીતે ઘણી જ મુશ્કેલી વેઠી રહ્યા હોય તેઓને નાણાંકીય સહાયની તાતી જરૂરીયાત છે. જે બાબતને ધ્યાનમાં લઈ આપના વિભાગ/એકમમાં ફરજ બજાવતાં અધિકારીશ્રી/કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે નાણાંકીય આર્થિક સહાયમાં પોતાનું યોગદાન આપવા પ્રેરણા સ્ત્રોત પૂરો પડી મદદરૂપ થવા નમ્ર વિનંતી છે.

વધુમાં આપના વિભાગ/એકમની સહાયના એકત્રિત થયેલ નાણાં અંગેની યાદી બાબતે અત્રેની કચેરી ખાતે ફરજ બજાવતા શ્રી વિનોદભાઇ આઇ. રાજપુત, સીનિયર ક્લાર્ક અથવા શ્રી વનરાજસિંહ વી. વાઘેલા, ખેતી મદદનીશને જમાં કરાવવા વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ.

વિસ્તરણ શિક્ષણ નિયામક

**નકલ સવિનય રવાના :**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.